ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સીધી ભરતીની જા. ક્ર.૪૬૫/૨૦૨૬૨૭ અને જા.ક્ર.૪૬૬/૨૦૨૬૨૭ ફૂડ સેફ્ટી ઓફિસર, વર્ગ–૩ સંવર્ગમાં ઓનલાઇન અરજીનો સમયગાળો લંબાવવા અંગેની અગત્યની સૂચના

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયંત્રણ તથા તેના તાબાની કચેરી હસ્તકના **ફુડ સેફ્ટી ઓફિસર,** વર્ગ–૩ સંવર્ગની **સીધી ભરતીની કુલ–૮૪ તથા દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ હેઠળની કુલ–૦૬ જગ્યાઓ** સીધી ભરતીથી ભરવા તા:૨૭/૧૦/૨૦૨૬ના રોજ અનુક્રમે **જા. ક્ર.૪૬૫/૨૦૨૬૨૭ અને જા.ક્ર.૪૬૬/૨૦૨૬૨૭** પ્રસિદ્ધ કરીને ઓનલાઈન અરજીપત્રકો સ્વીકારવાનો સમયગાળો તા.૨૭/૧૦/૨૦૨૬ (૧૮–૦૦ કલાક) થી તા.૧૦/૧૧/૨૦૨૬ (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમિયાન નિયત કરવામાં આવેલ હતો.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના તા:૩૦/૧૦/૨૦૨૬ના પત્રથી ઉક્ત બંને જાહેરાતોના ઉમેદવારો માટે અરજી કરવાની નિર્ધારીત તારીખમાં એક માસની અવધિ લંબાવવા જણાવેલ હોઇ, ઉમેદવારોના વિશાળ હિતમાં ઉક્ત બંને જાહેરાતો અન્વયે ઓનલાઈન અરજીપત્રકો સ્વીકારવાનો સમયગાળો તા.૧૧/૧૧/૨૦૨૬ (સમય બપોરના ૧૪–૦૦ કલાક) થી તા.૧૦/૧૨/૨૦૨૬ (રાત્રિના ૨૩–૫૯ કલાક) સુધી લંબાવવામાં આવે છે. ઓનલાઈન પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૧૩/૧૨/૨૦૨૬ (રાત્રિના ૨૩–૫૯ કલાક) સુધી લંબાવવામાં આવે છે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

તારીખ: ૦૬/૧૧/૨૦૨૬
સ્થળ: ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

WEBSANKUL®

Downloaded from websankul.com